ધનસુરામાં મેઘરાજાના આગમનની ચાતક નજરે રાહ જોતા ધરતીપુત્રો

ધનસુરા, તા. ૨૧

રાજ્યભરમાં મોટે ભાગે તા. ૧૫મી જૂન પછી વિધિવત ચોમાસાનો પ્રારંભ થાય છે. આકાશ વાદળોથી ઘેરાય છે ત્યારે જ જગતના તાત એવા ખેડૂતો નવી ફસલ માટે પોતાના ખેતરો ખેડી વાવેતર માટે તૈયારીઓ કરી દે છે. છેલ્લા એક અઠવાડિયાથી વાતાવરણમાં પલટો આવતા ચોમાસાના સંકેત લાગતા કેટલાંક ખેડૂતોએ કપાસનું વાવેતર શરૂ કરી દીધુ છે.

અત્યારે વાતાવરણમાં સખત ઉકળાટ અને બાફના કારણે લોકો ગરમીથી ત્રસ્ત બની ગયા છે. અગન વર્ષાવતી ગરમીના કારણે વાયરલ ફીવર, ઝાડા ઉલ્ટીના દર્દીઓ વધવા લાગ્યા છે. ચાતક પક્ષીની જેમ અત્યારે ધરતીપુત્રો મેઘરાજાના આગમનની રાહ જોઈ રહ્યા છે. વરસાદ ખેંચાતા શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. ગરીબોની કસ્તુરી એવી ડુંગરીના ભાવ ૨૫ થી ૩૦ રૂપિયા થઈ ગયા છે. સૂર્યનારાયણનો પ્રકોપ સહન થતો નથી. બપોર થતા સુધીમાં લોકો ઘરમાં ભરાઈ પંખા, એસી ચાલુ કરી દે છે. રસ્તા સૂમસામ બની જાય છે. પશુ પક્ષીઓ પણ છાંયડા ગોતી વૃક્ષોમાં છુપાઈ જાય છે. પશુધન માટે ઘાસનો પ્રશ્ન વિકટ બન્યો છે. બબ્બે ફસલ નિષ્ફળ જતાં ખેડૂતોની આર્થીક હાલત કફોડી બની છે. મોંઘાદાટ બિયારણ ખરીદી વાવેતર કરે છે. બે ચોમાસા નિષ્ફળ ગયા સરકારે ખેડૂતોને સહાય માટે નુકશાનીનું સર્વે કરાવી વળતર માટે ફોર્મ ભરીને આપ્યા પરંતુ હજુ સુધી વળતર મળ્યુ નથી. કૃષિ મેળામાં અનેક રજુઆતો કરવા છતાં કોઈ પરિણામ આવ્યુ નથી. નાના ખેડૂતો અત્યારે મુશ્કેલીમાં જીવી રહ્યા છે. ધનસુરા તાલુકામાં ૮૦ ટકા જમીન ખેડૂતોની જમીનો સિંચાઈ યોજનાથી વંચિત છે. કેટલાય ખેડૂતો આકાશી ખેતી કરી જીવન નિર્વાહ ચલાવે છે. જો સમયસર વરસાદ નહિ થાય તો સતત ત્રીજા વર્ષે દુષ્કાળ પડશે તો ખેડૂતો પાયમાલ થઈ જશે. આ કારણે અત્યારે વ્યાપાર ઉદ્યોગમાં પણ મંદીનો માહોલ જોવા મળે છે. બજારો સૂમસામ ભાસે છે.

વહેપારી મથક ડીસામાં સરકારી મિલકત હડપ કરવા મામલે ૬ને નોટિસ

ડીસા, તા. ૨૧

વહેપારી મથક ડીસા માં વિસ્તાર માં ડીસાના લાયન્સ હોલથી અંબિકાનગર જતા માર્ગ ઉપર ડાબી તરફ અંગ્રેજોના સમયનો એક વિલાયતી નળીયાળો બંગલો આવેલો છે અને છેલ્લા અંદાજીત ૪૦ વર્ષ થી બંજર હાલત માં છે જોકે કરોડો ની મિલકત એવી શહેર મધ્યે આવેલા આ બંગલા ને હડપ કરવા બિલ્ડર લોબી દ્વારા કાવાદાવા કરાતાં અને થયેલ ગેરરીતી જીલ્લા કલેકટર ને ધ્યાને આવતા આ સરકારી મિલકત હડપ કરવા મામલે તેમને છ ઈસમો ને નોટિસ આપતા ચકચાર મચેલ છે

ડીસામાં અંગ્રેજોના સમયનો એક બંગલો આવેલો છે. જે સરકારી હેડે ચાલે છે. જેને ખાનગી વ્યકિતઓ દ્વારા નોંધો પડાવીને નામ દાખલ કરવાનો કારસો રચાયો હોવાનું બહાર આવ્યું છે. કરોડો રૂપિયાની આ જમીન અંગે ડીસાના તત્કાલિન સીટી સરવે સુ-િઅને મેન્ટેનન્સ સરવેયરના મેળાપીપણાથી નોંધો પાડવામાં આવી હતી. જે ગેરકાયદેસર હોવાનું ધ્યાને આવતા જિલ્લા કલેકટરે તમામ નોંધો રિવિઝનમાં લઈને અરજદારો સહિત છ વ્યકિતઓ સામે નોટિસો કાઢીને ખુલાસો કરવા જણાવ્યું છે. આ નોટિસના પગલે ડીસાના જમીન બજારમાં ખળભળાટ -સરી ગયો છે.

આ જમીન કોભાંડ ની વાત કરીએ તો ડીસાના લાયન્સ હોલથી અંબિકાનગર જતા માર્ગ ઉપર ડાબી તરફ અંગ્રેજોના સમયનો એક વિલાયતી નળીયાળો બંગલો આવેલો છે. તદ્દન જીર્ણ થઈ ગયેલો અને ખંડેર બની ગયેલો આ બંગલો આમ તો ડીસાના શહેરીજનો તરીકે પણ ઓળખે છે. આ બંગલો જે જમીનમાં આવેલે છે. તે સીટ નં. ૪૧ સી.સ.નં. ૪૦૫૮ સરકારી હેડે ચાલતી મિલકત છે. જેને ગુજરી જનાર સૈની મૂળચંદભાઈ ભૂદરમલના વારસ ચંદ્રકાન્તભાઈ મળચંદભાઈની માલીકી ઠરાવવાનો ૧૯૬૨ માં કરેલા હૂકમની નોંધ ૫૪૭૬ ડીસા મામતદારે એકાવન વર્ષબાદ પાડી હતી. ત્યારપછી જે નોંધો પાડી હતી તે સીટી સરવે નં. ૪૦૫૮ ને લગતી ન હોવા છતાં ખોટી નોંધો પાડી અને રેકર્ડની ચકાસણી કર્યા સિવાય ડીસાના સીટી સરવે સુ-િએ તા. ૭ મે -વર્ષ ૨૦૧૩ ના રોજ -માણિત કરી દીધી હતી,

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જોકે તે બાદ તાજેતર માં બનાસકાંઠા જીલ્લા કલેકટર મહેન્દ્ર ભાઈ પટેલ ની ધ્યાને આવેલ કે નવાડીસા સીટી નં. ૪૧ સીટી સરવે નં. ૪૦૫૮ સરકારી હેડે ચાલતી મિલકતમાં માલિકી ઠરાવવાના હૂકમો અને નોંધો નિયમ વિરુદ્ધ -માણિત કરાઈ છે.જેથી તેઓ ચોકી ઉઠ્યા હતા અને તે બાદ તેમને આ સમગ્ર કોભાંડ ની ન્યાયિક તપાસ કરવા નોંધોને રિવીઝનમાં લીધી હતી, અને આ કારસ્તાન કરનારા રાજયસેવકો એવા તત્કાલિન સીટી સરવે સુ-ન્ટિન્ડેન્ટ અને મેન્ટેનન્સ સરવેયર તેમજ અરજદારો,સહીત છ સામે નોટીશ ઈશ્યુ કરી આ મિલકત વેચાણ કે તબદીલ સામે હંગામી માની હુકમ પાઠવેલ છે ,જીલ્લા કલેકટરે નોટીશ માં રીવીઝન દાખલ કરવાના કારનો માં સ્પસ્ટ જણાવેલ છે કેઆ કામ માં સરકારી હેડની આ મિલકત ગેરકાયદેસર રીતે પચાવી પાડવાના હેતુથી કાવત્રુ કરી મેળાપીપણામાં -માણિત કરાતા રદ થવાને પાત્ર છે.તેમજ જમીન મહેસુલ કાયદાની કલમ ૧૩૫- ડી ની નોટીસ આપેલ નથી.એટલુજ નહિ

નોંધ નં. ૫૪૭૬, ૫૪૭૭, ૫૪૭૮ અને નોંધ નં. ૫૫૩૩ કાયદા વિરુદ્ધ ચકાસણી વગર -માણિત થઈ છે. તેવા કારણો પણ જણાવેલ છે,અને નવાડીસાની સીટી નં.૪૧ સી.સ. નં. ૪૦૫૮ માં પડેલી નોંધ નં. ૫૪૭૬, ૫૪૭૭, ૫૪૭૮, ૫૫૩૩ ને રિવિઝનમાં લઈને રદ કેમ ન કરવી ? તેવી નોટિસ સાથે સુઓમોટોમાં લીધી છે.જેની સુનાવણી આગામી સઙ્ગાહમાં હાથ ધરાશે. જોકે, આ અંગેનો રેકર્ડ યથાવત અરજદારો, તત્કાલિન સીટી સરવે સુ-ન્ટિન્ડેન્ટ અને મેન્ટેનન્સ સરવેયરને કલેકટરે નોટિસ પાઠવી હંગામી માની હુકમ ફાળવતા જમીન લોબી ના અનેકો હિત ધરાવતી પાર્ટી માં ભારે દોડ ધામ મચેલ છે.

ખેડબ્રહ્મામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાની તૈયારીઓ પુરજોશમાં

ખેડબ્રહ્મા, તા.૨૨

ખેડબ્રહ્મામાં રાધાકૃષ્ણ મંદિરમાંથી ભગવાન જગન્નાથજીની રથયાત્રા છેલ્લા ૨૭ વર્ષથી કાઢવામાં આવે છે. આ વર્ષે પણ પરંપરાગત રીતે રથયાત્રા કાઢવાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. રથયાત્રાને લઈને નગરના લોકોમાં તથા આયોજકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા ઠાકોરજી મંદિર ટ્રસ્ટ તથા રાધાકૃષ્ણ મંદિર ઉત્સવ સમિતિ દ્વારા ભગવાન જગન્નાથજી છેલ્લા ૨૭ વર્ષથી રથયાત્રાનું આયોજન કરે છે આ વર્ષે પણ ૨૯ જુન રવિવારે ભગવાન જગન્નાથજી ભાઈ બલભદ્ર તથા બહેન સુભદ્રા સુંદર રથમાં બિરાજમાન થઈ રાધાકૃષ્ણ મંદિરમાંથી ખેડબ્રહ્મા નગરની પરિક્રમાએ નીકળશે. ખેડબ્રહ્મામાં આયોજકો દ્વારા રથયાત્રાની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. રથયાત્રાના માર્ગમાં જાંબુ અને મગનો પ્રસાદ વહેંચવામાં આવે છે જેમાં મગની સફાઈનું કામ ગોપી મંડળની બહેનો ભાવપૂર્વક નિભાવી રહી છે.

ખેડબ્રહ્મામાં રથયાત્રાના માર્ગમાં ભાવિક ભકતો દ્વારા ઠેર ઠેર ભગવાનનું સ્વાગત કરવામાં આવે છે. અને સેવાભાવી ભકતો દ્વારા આઈસ્ક્રીમ ઠંડા પીણાં શરબત સેવ ગાંઠીયાના સ્ટોલ લાવવામાં આવે છે. રથયાત્રા હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસસ્થાને વિસામો કરે છે જયાં ભગવાની પુજા આરતી મામેરૂ તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ છે. રથયાત્રા દરમિયાન ખેડબ્રહ્મા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. હાલ ઠાકોરજી મંદિરે ટ્રસ્ટીઓ, ઉત્સવ સમિતિના સભ્યો તથા ગોપી મંડળની બહેનો દ્વારા રથયાત્રાની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે.

હિંમતનગરના વીરપુર પાસે બાઈકસવારોએ વેપારીને પાડી ૫૫ હજારની લૂંટ કરી

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના વીરપુર પાસે શુક્રવારે રાત્રીના ૯ વાગ્યાના સમયે ઈડરથી હિંમતનગર આવતા વેપારીઓને એક બાઈક પર આવેલ બે અજાણ્યા ઈસમોએ રોકડ રૂપિયા ૫૫ હજાર ભરેલ થેલાની લુંટ કરી ધક્કો મારી નાસી ગયા હતા. આ ઘટનામાં બંને વેપારીઓને શરીરે ઈજાઓ થતા સારવાર માટે દાખલ કરાયા હતા. પોલીસે ફરિયાદ દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરની કચ્છી સોસાયટીમાં રહેતા વેપારી રસિકભાઈ પટેલ અને નરેશભાઈ ઉદાસી બંને જણા ઈડરથી હિંમતનગર મોપેડ પર આવી રહ્યા હતા ત્યારે હિંમતનગર નજીક આવેલ વીરપુર પાસેના કન્યા છાત્રાલય આગળ બે અજાણ્યા મોઢે કપડું બાંધેલા યુવાન ઈસમો પાછળ કાળા કલરની બાઈક લઈને આવ્યા હતા અને મોપેડ પર સવાર રસિકભાઈના હાથમાંથી રોકડ ૫૫ હજારથી ભરેલો થેલો ખેંચી લુંટ કર્યા બાદ બાઈકથી મોપેડને ટક્કર મારી પાડી દીધા દીધી હતી. આ કારણે રસિકભાઈ અને નરેશભાઈને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી જેથી બંને ઈજાગ્રસ્ત વેપારીઓને તાત્કાલિક સારવાર માટે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જો કે વેપારી રસિકભાઈ પટેલ દર શુક્રવારે ઈડર ઉઘરાણીએ જાય છે જ્યારે તેમના પાડોશી વેપારી નરેશભાઈ પણ તેમની સાથે મોપેડ પર આવતા હતા અને ત્યારે આ બનાવ બન્યો હતો. આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસને જાણ કરાતા પોલીસે ઘટના સ્થળની મુલાકાત લીધા બાદ હોસ્પિટલમાં લુંટાયેલા બે ઈજાગ્રસ્ત વેપારીઓ પાસે આવી હતી અને તેમની પાસેથી તમામ ઘટના વિષે પૂછપરછ કર્યા બાદ ઈજાગ્રસ્ત રસિકભાઈ પટેલની ફરિયાદ આધારે બે અજાણ્યા યુવાન ઈસમો વિરૂદ્ધ લુંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શિક્ષા, દિક્ષા અને સંસ્કાર માતા અને શિક્ષકો દ્વારા મળે છે : અશોક ભાવસાર

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી અંતર્ગત શાળા -વેશોત્સવના બીજા તબકકાના અંતિમ દિવસે હિંમતનગર નગરપાલિકા વિસ્તારની આંબાવાડી, મહેતાપુરા અને ગિરધરનગર -થમિક શાળા તથા આંગણવાડીના બાળકોનો જીવન દિપ -ાગટય મહોત્સવ ગાંધીનગર શહેરી સત્તા મંડળના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર અને હિંમતનગરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો હતો.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

-ાસંગિક -વચનમાં ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે સરસ્વતી સાધના યાત્રાની શરૂઆત કરનાર ચરણાર્થીઓ એવા બાળકોને ઉજ્જવળ ભાવિ માટે શુભકામના પાઠવી હતી અને શિક્ષણ એટલે ગરીબી દૂર કરવાની ચાવી છે તથા આજનું બાળક આવતી કાલના ભારતનું ભાવી છે. ભારતની આવતી ભાવી પેઢીને ઉજાગર કરવા શિક્ષણ લેવુ અનિવાર્ય છે તેમજ ઉપસ્થિત માતા-પિતા તથા વડીલોને તેના બાળકને -થમિક શિક્ષણના મૂળભૂત અધિકારથી વંચિત ન રાખવા અનુરોધ કર્યો હતો.

-વેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત નગરજનોને -ાસંગીક -વચનમાં જણાવ્યું હતું કે હોડીથી જીવન સાગર તરી શકાય છે તેમ ભણતર મેળવવાથી જીવન ઉજ્જવળ બનાવી શકાય છે. દિકરી બે ઘરને ઉજાળે છે તેથી સરકારશ્રીએ કન્યા કેળવણી પર તથા ભ્રુણ હત્યા પર ખાસ ભાર મૂકયો છે.

શાળાના નાના તેજસ્વી તારલાઓને ચેરમેનશ્રી તથા ધારાસભ્યશ્રીના હસ્તે -ોત્સાહિત ઈનામોનું વિતરણ તથા કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતા.

આ -સંગે હિંમતનગર નગરપાલીકા -મુખશ્રી શંકરભાઈ કહાર, નગર પાલીકાના સદસ્યો, તાલુકા કેળવણી નિરિક્ષક, સી.આર.સી. કો-ઓડીનેટર, મુખ્ય સેવીકા., શહેરીજનો તથા શાળાના શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રઙ્ગા હતા.

ખેતમજૂરી કરતા ઓરણના યુવાનને ઝેરી જનાવરે દંશ દીધો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરાણમાં પોતાના ખેતરમાં ખેત મજૂરી કરી રહેલ યુવાનના પગે ઝેરી જનાવર કરડતાં બેભાન હાલતમાં તેને સારવાર અર્થે ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ધનંજય વિષ્ણુભાઈ પ્રજાપતિ નામના યુવાન સવારના સમયે તેના ખેતરમાં રવૈયાનો પાક ઉતારી રહ્યા હતા. આ સમયે અચાનક તેમના પગે ઝેરી જનાવરે દંશ દેતા તેઓ ખેતરમાં જ બહોશ થઈ ઢળી પડયા હતા. બાજુમાં કામ કરતા લોકોને ખબર પડતા તેમણે ધનંજયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજના કતપુર ગામે સાબર ડેરી દ્વારા પશુપાલક મહિલાઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ તાલુકાના કતપુર ગામે સાબરડેરી દ્વારા પશુપાલનના ધંધા સાથે સંકળાયેલી મહિલાઓને દૂધ ઉત્પાદન અંગે વિસ્તૃત માહિતી પુરી પાડવાનો પીએમસી-વીએમએસનો કાર્યક્રમ યોજાયો હતો. આ મહિલાઓને વૈજ્ઞાનિક ઢબે અને ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન થાય તે માટે તેમજ ઈઝરાયેલ પદ્ધતિ અંગે પણ માહિતગાર કરાયા હતા. આ ઉપરાંત આ મહિલાઓને પશુપાલનના વ્યવસાય દ્વારા સમાજમાં આગળ આવવા અંગે પણ જાગૃત કરવામાં આવી હતી.

સાબર ડેરી દ્વારા પશુપાલન જાગૃતિના કાર્યક્રમો થકી છેલ્લા છ માસથી અવારનવાર વિવિધ ગામોમાં પીએમસી-વીએમસીના કાર્યક્રમો યોજીને પશુપાલકોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. દૂધ ઉત્પાદકો આર્થિક રીતે સદ્ધર થાય તે માટે અને વધુ ને વધુ મહિલાઓ પણ આ વ્યવસાયમાં જોડાય તે માટે ગ્રામીણ મહિલાઓમાં જાગૃતિ લાવવા પ્રયત્ન કરાય છે. કતપુર ગામમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સાબરડેરીના મહિલા અધિકારી તૃપ્તીબેન પટેલ તેમજ બિંદુબેન પટેલે મહિલાઓને વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. હરિયાણા અને પંજાબના પશુઓ વધુ દૂધ કેવી રીતે આપે છે તેમજ પશુપાલનમાં ઈઝરાઈલ ટેકનિકની પણ સમજ આપવામાં આવી હતી. કતપુર દૂધ મંડળીના ચેરમેન અને સેક્રેટરી દ્વારા આ કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર તાલુકાના ખોડલા ગામે આજરોજ આર્યુવેદિક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનો સહિત પ્રાથમિક શાળાના બાળકોએ પણ આ ફ્રિ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. ખોડલા ગામમાં ગુરૂવારે ગ્રામ પંચાયત ખાતે આર્યુવેદીક વિભાગ દ્વારા તમામ પ્રકારના રોગો માટે વિનામુલ્યે આર્યુવેદીક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિવીલ હોસ્પિટલ પાલનપુરના આર્યુવેદીક ડોકટર જમનાબેન અટોસ, ખોડલાના મેડીકલ ઓફિસર ડો. દિનેશભાઈ ચૌધરી, મલાણાના આયુવેદીક મેડીકલ ઓફીસર ડો. મયુરભાઈ પટેલ દ્વારા ગ્રામજનોને આર્યુવેદ વિશે માહિતી પુરી પાડી નિદાન અને સારવાર કરવામાં આવી હતી. આ આર્યુવેદીક કેમ્પમાં ગ્રામજનો તેમજ પ્રાથમિક શાળાના બાળકોએ પણ લાભ લીધો હતો. આ પ્રસંગે ખોડલા ગામના સરપંચ રામાબેન જુડાળ, ડેપ્યુટી સરપંચ જીવરામભાઈ બોકા, બનાસબેંકના ડિરેકટર કેશરભાઈ જુડાલ, ગ્રામ પંચાયતના સદસ્ય સેધાભાઈ પરમાર, લીલાબેન ભીલોચા, પરાગભાઈ જુડાલ તથા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પાટણમાં રીક્ષા તથા મોટર ડ્રાઈવીંગની તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છુક બહેનો પાસેથી અરજીઓ મંગાવાઈ

પાટણ, તા. ૨૧

પાટણ ખાતે આગામી ૧૫મી ઓગસ્ટ- સ્વાતંત્ર્ય દિનની રાજયકક્ષાની ઉજવણીના ભાગ રૂપે પાટણ જિલ્લાની બહેનો માટે સ્વરોજગારની સુવર્ણ તક ઉપલબ્ધ થાય તે માટે દેના બેંક ગ્રામીણ સ્વરોજગાર સંસ્થા, પાટણ દ્વારા રીક્ષા તથા મોટર ડ્રાઈવીગની તાલીમ વર્ગ જુલાઈ ૨૦૧૪માં યોજવાનું આયોજન કરવામાં આવેલ છે આ તાલીમ વર્ગમાં ૧૮થી ૪૫ વર્ષની વય હોય અને ધોરણ ૮ પાસ હોય તેવી ૩૦ બહેનો લેવાની હોઈ વહેલા તે પહેલાના ધોરણ દિન ૭માં રીક્ષા તથા મોટર ડ્રાઈવીગની તાલીમ લેવા ઈચ્છુક બહેનો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. તાલીમ માટે પસંદગી પામેલ બહેનોને તાલીમ દરમિયાન રહેવા તથા જમવાની સગવડ વિના મૂલ્યે આપવામાં આવશે. તાલીમ પુરી થયેથી સર્ટીફીકેટ આપવામાં આવશે તેમજ રોજગારી માટે ચોકકસ સરકારી યોજના થકી તક આપવામાં આવશે. અરજી માટે દેના ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા પાટણ, -થમ માળ, શ્રીમતિ મુળીબાઈ મહિલા પુસ્તાકાલય, બાબુના બંગલા સામે, ગુમડા મસ્જિદપાસે, પાટણ ફોન નંબર ૦૨૭૬૬- ૨૨૩૫૨, મોબાઈલ નંબર ૯૪૨૮૮૨૭૯૨૬ પર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન